ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

રવિવારીય પૂર્તિ

રવિવાર ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫





# અ મેસી (Messi / Messy) અફેર

## ઘરનાં છોકરાં ઘંટી ચાટે ઉપાધ્યાયને આટો

લિયોનેલ મેસીની ગયા અઠવાડિયાની ભારતની મુલાકાત બે સાવ અલગ વાસ્તવિકતાઓ નજર સામે મૂકે છે. એક તરફ કોલકાતા, મુંબઈ અને દિલ્હીના સ્ટેડિયમ હજારો ચાહકોથી ભરચક હતા. આર્જેન્ટિનાના આ G.O.A.T - Greatest of All Time - ગણાતા ફૂટબૉલરની એક ઝલક માટે લોકોએ ખિસ્સા ખાલી કર્યા. લોકોમાં જોરદાર ઉત્સાહ હતો. એ જ ચાહકોએ સ્ટેડિયમની સીટો તોડી, પાણીની બોટલો ફેંકી અને આખી ઈવેન્ટને ભાંડી કારણકે તેમણે બાર હજાર રૂપિયા ખર્ચ્યા હતા જેથી તે તેમના મનગમતા ખેલાડીને જોઈ શકે, તેને સાંભળી શકે વગેરે પણ તેમને મળી માત્ર 20 મિનિટ જેમાં મેસીએ ગ્રાઉન્ડ પર હાજરી આપીને લોકો સામે વેવ કર્યું. ઘણા લોકોને આ પણ જોવા મળ્યું નહોતું કારણકે વીઆઈપી નેતાઓએ તેમનો વ્યૂ બ્લોક કરી દીધો હતો. વીઆઈપીઝના મેસી સાથેના ફોટોઝ થઈ ગયા પછી મેસીને ત્યાંથી વિદાય કરી દેવાયો.

મેસીની ભારતની ટૂર ત્રણ દિવસની હતી જેને માટે 120 કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા હતા. આટલા બધા ખર્ચા સાથેની એક હકીકત મેસીની ઈવેન્ટની અફરાતફરી હતી, ટિકીટોના મોંઘા ભાવ હતા અને દર્શકોની નિરાશા હતી તો બીજી વાસ્તવિકતા એ પણ છે કે ઈન્ડિયન સુપર લીગ - ISL જે દેશની મુખ્ય ફૂટબૉલ સ્પર્ધા છે તેને ચાલુ રાખવા માટે વર્ષે 37.5 કરોડ રૂપિયાની ગેરંટી આપવા માટે એક પણ લેવાલ નથી.

**એક આર્જેન્ટિનિયન ખેલાડી જે અહીં એક પણ મેચ નથી રમવાનો તેની આગતા-સ્વાગતા માટે ગણતરીના દિવસોમાં 120 કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ખડી થઇ પણ આપણી પોતાની લીગને ચાલુ રાખવા માટે આપણી પાસે વર્ષે 37.5 કરોડ જેટલી રકમ નથી**

ભારતની રાષ્ટ્રીય ટીમના કેપ્ટન સંદેશ ઝિંગને આ બાબતો સોશ્યલ મીડિયા પર અને અન્ય પ્રસાર માધ્યમો સાથેની વાતચીતમાં પોતાની પીડા વ્યક્ત કરી હતી. તેણે લખ્યું હતું કે, “અમે બધું બંધ કરવાની અણી પર છીએ કારણકે ભારતમાં ફૂટબૉલમાં રોકાણ કરવાની કોઈની દાનત નથી, છતાં ય આ પ્રવાસ પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા.”આ વાક્ય ભારતી ફૂટબૉલ વિશ્વના દરેક સ્ટૅકહોલ્ડરને કઠવું જોઈએ.

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ



આપણે એ ગણિત માંડીએ જે ઑલ ઈન્ડિયા ફૂટબૉલ ફેડરેશન (AIFF) કે ભારતીય કોર્પોરેટ્સને કાં તો સમજાતું નથી અથવા સમજવું નથી. રિપોર્ટ અનુસાર GOATની ઈન્ડિયા ટૂર પાછળ સો થી દોઢસો કરોડ જેટલો ખર્ચો થયો છે. ચાહકોએ મેસી સાથે હાથ મિલાવવા અને ફોટો પડાવવા માટે 11.74 લાખ રૂપિયા સુધીનો ખર્ચ કર્યો હતો અને વીઆઈપી પેકેજીઝ લાખોમાં વેચાયા હતા. આ ટૂર તેના આયોજકો અને બ્રાન્ડ્ઝ માટે કમાણીનો ઉત્સવ હતી.

બીજી તરફ ઈન્ડિયન સુપર લીગ અત્યારે અનિશ્ચિત મુદત માટે સ્થગિત છે AIFF એ ISL ચલાવવા માટે કોમર્શિયલ પાર્ટનર્સ પાસેથી વાર્ષિક માત્ર 37.5 કરોડ રૂપિયાની માંગણી સાથે પ્રસ્તાવ મૂક્યો હતો. પરિણામ? એક પણ બિડ આવી નહીં. ટેન્ડર એટલા માટે રદ થયું કારણ કે સંભવિત રોકાણકારોની ગણતરી હતી કે ગેરંટીની રકમ ઉપરાંત તેમને દર વર્ષે 200 કરોડ રૂપિયાનું નુકસાન થશે.

આ વિચારવા જેવી બાબત છે કે એક આર્જેન્ટિનિયન ખેલાડી જે અહીં એક પણ મેચ નથી રમવાનો તેની આગતા-સ્વાગતા માટે ગણતરીના દિવસોમાં 120 કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ખડી થઈ પણ આપણી પોતાની લીગને ચાલુ રાખવા માટે આપણી પાસે વર્ષે 37.5 કરોડ જેટલી રકમ નથી. જો એ રકમ મળી શકે તો હજારો ભારતીયોને રોજગારી મળે, આપણા ફૂટબૉલર્સને કામ વગર બેસી ન રહેવું પડે. આપણી ફૂટબૉલ લીગ 13 ક્લબોને સપોર્ટ કરે છે, (જે વાર્ષિક 650 કરોડનું રોકાણ કરનારી છે), યુવાનો માટે એકેડમીઝ ચલાવે છે અને તે ભારતીય ફૂટબૉલરો માટે કારકિર્દીનો એકમાત્ર વ્યવસાયિક માર્ગ છે.

ભારતની બીજા સ્તરની લીગ, ‘આઈ-લીગ’ (I-League), વાર્ષિક માત્ર 6 કરોડ રૂપિયાની ગેરંટી માંગી રહી છે. આ રકમ મેસી સાથેની એક સેલ્ફીના અંદાજે 50 પ્રીમિયમ પૅકેજ બરાબર છે. છતાં, લીગને મંજૂરી નથી મળી અને બધી કલ્જી અધ્ધરતાલ છે.

બોરિયા મજમુદાર સાથેના એક ઈન્ટરવ્યુમાં ઝિંગને પોતાની વાત સમજાવવા એવું દૃષ્ટાંત આપ્યું કે કોઈ પત્રકારને એમ કહી દેવાય કે તમારે લખવાનું નથી, તમારી પાસેથી બધું જ છીનવી લેવાય તો તમે એ સ્થિતિનો સામનો કેવી રીતે કરશો? આ ઈન્ટરવ્યૂ પરથી કળાય છે કે વ્યવસાયિક ફૂટબોલરો માટે, કારકિર્દી માંડ 15 વર્ષની હોય છે. ISL 215 દિવસથી વધુ સમયથી બંધ છે - એટલે કે 2025 વર્ષનો લગભગ 60 ટકા સમય. આ માત્ર વેડફાયેલો સમય નથી; 20 થી 30 વર્ષની વયના ખેલાડીઓ માટે આ કારકિર્દીના એવા વર્ષો છે જે ક્યારેય પાછા નહીં આવે. કોચ ભવિષ્યના કોન્ટ્રાક્ટ સિક્યોર નથી કરી શકતા. વિદેશી ખેલાડીઓ ભાડાના એપાર્ટમેન્ટમાં બેસી રહ્યા છે, કમાણી કે રમત વગર, કારણ કે જે લીગે તેમને રમવા માટે કામે રાખ્યા હતા તે અચાનક ગાયબ થઈ ગઈ છે. આવું ચાલશે તો વાલીઓ પોતાના સંતાનોને ફૂટબૉલના ક્ષેત્રમાં આગળ મોકલતા અચકાશે અને ફૂટબૉલની રમત આપણા મેદાનો પરથી ધીમે ધીમે ભુંસાઈ જશે. ઝિંગનનું માનવું છે કે આ હાલ પ્રોફેશનલ્સને તો નિષ્ફળ બનાવે જ છે પણ આ રીતે આવતીકાલની મહત્વાકાંક્ષાઓનું પણ ગળું ટૂંપી દેવાય છે.

મેસીના આગમનને પગલે કોલકાતામાં થયેલી અંધાધૂંધી એ વાતનું પ્રતીક હતી કે ભારતમાં સ્પોર્ટ્સ રમત નથી પણ તમાશો છે. મેસી સોલ્ટ લેક સ્ટેડિયમમાં માંડ 20 મિનિટ રોકાયો હશે ત્યાં તો સેલ્ફી લેવા માટે પડાપડી કરતા નેતાઓ અને અધિકારીઓએ તેને ઘેરી લીધો. મોંઘી ટિકિટો ખરીદનારા સામાન્ય ચાહકોને કશું જ જોવા ન મળ્યું. મુખ્ય આયોજકની ધરપકડ થઈ. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ માફી માંગી.

માફી માગવાથી માળખાગત સડો દૂર નથી થવાનો. આ માત્ર ફોટો ઈકોનોમી હતી, ફૂટબૉલ ઈવેન્ટ નહીં, કારણકે અહીં ખેલ કરતા સ્ટાર ખેલાડીનું સાન્નિધ્ય મહત્વનું હતું. લાખો રૂપિયાની ટિકીટ રાખવી એ જ બતાડે છે કે તે વીઆઈપી એક્સેસ માટેની ઈવેન્ટ હતી. પ્રિવિલેજ્ડ લોકોની લક્ઝરી પ્રોડક્ટની ખરીદી જેવી ઈવેન્ટથી ફૂટબૉલની રમતને કોઈ ફાયદો નથી થતો.

અનુસંધાન પાના 4 પર...



### બાય ધી વે:

**રમત-ગતમમાં મહાનતા મેળવી ચૂકેલા રાષ્ટ્રો મહાનતાને ‘ઈમ્પોર્ટ’ (આયાત) કરતા નથી. પેલે (Pele) ને હોસ્ટ કરીને જાપાન ફૂટબોલ પાવર નથી બન્યો. જાપાને દાયકાઓ સુધી શાળાઓ, કોચ અને લીગમાં રોકાણ કર્યું. મોરોક્કો સેલિબ્રિટી ટૂર્સથી આગળ નથી આવ્યું. તેણે એકેડમી અને સિસ્ટમ બનાવી જેણે આજે વિશ્વસ્તરે રમતા ખેલાડીઓ પેદા કર્યા. આપણે પણ ધારીએ તો એ રસ્તો પસંદ કરી શકીએ છે. અથવા આપણે લેજન્ડ્ઝને દૂરથી જોવા માટે સ્ટેડિયમો ભરતા રહી શકીએ છીએ, જ્યારે આપણા પોતાના ફૂટબોલરો વિચારતા રહી જાય કે તેઓ ક્યારેય ફરી રમી શકશે ખરા? મેસીનો પ્રવાસ પૂરો થયો. સેલ્ફી પોસ્ટ થઈ ગઈ. પરંતુ સંદેશ ઝિંગન અને સેંકડો ભારતીય ફૂટબોલરો હજુ પણ સવાલના જવાબની રાહ જોઈ રહ્યા છે: શું આપણને તેમનામાં રોકાણ કરવાની પરવા છે? અત્યારે તેનો જવાબ કઠે એ રીતે સ્પષ્ટ છે. ઇન્ડિયન સુપર લીગ અત્યારે અનિશ્ચિત મુદત માટે સ્થગિત છે અને ભારતીય ફૂટબોલરો રાહમાં છે કે તેમને તંત્ર યાદ કરે.**

# સેલિબ્રિટી અસામાજિક હોય છે કે સામાજિક?

ભારતમાં સેલિબ્રિટી વિશે ઘણાની ફરિયાદ હોય છે. તેઓ આવાં કપડાં પહેરે છે, તેઓ લફરાં કરે છે. તેઓ પાર્ટી કરે છે. લગ્ન કરી-કરીને છૂટા થઈ જાય છે. આમિર ખાન પોતાની દીકરીની વયની યુવતી સાથે લગ્ન કરવાનો છે. મલાઈકા અરોર પોતાનાથી ઘણી નાની વયના યુવાન સાથે લિવ ઈનમાં રહે છે. કલાકારો દારૂ પીવે છે.

આના પરથી સમાજને ફરિયાદ થાય છે. તેઓ કહે છે કે આ સેલિબ્રિટીઓ આપણાં સંતાનોને બગાડે છે. તેમનું જોઈજોઈને સંતાનો અનુકરણ કરે છે. તેઓ પણ એવાં જ કપડાં પહેરે છે. આ સેલિબ્રિટીઓને સમાજનો કોઈ ડર જ નથી રહ્યો. કેટલાક નેતાઓ પણ જ્યારે સ્ત્રીઓ સાથે ફોટા પડાવીને મૂકે ત્યારે લોકો કૉમેન્ટ કરતા હોય છે, “સાચા ધૂરંધર તો આ છે.”

અબીલ ગુલાલ
જયવંત પંડયા

આ જ રીતે ખેલાડીઓનું અને ધનિકોનું પણ છે. ઓરી નામનો એક ધનવાન પિતાનો દીકરો નીતા અંબાણીથી માંડીને શિલ્પા શેટ્ટી સાથે તસવીરો પડાવે છે. મોટા ભાગની હિરોઈનો સાથે તો તેમના બૉયફ્રેન્ડ કે પતિ પણ ન પડાવે તેવી તેની તસવીરો હોય છે. આવા કલાકારોની પાર્ટીમાં કેટલાક લોકો અવારનવાર જોવા મળે છે. અંગ્રેજી મીડિયા પેજ-3 પર તેમની તસવીરો છાપે છે અને ફૉટા નીચે લખે છે- સૉશિયલાઈટ. અર્થાત્ તેઓ ધનિક પરિવારમાંથી આવે છે અને તેઓનું કામ બીજું કંઈ હોતું નથી, બસ પાર્ટી, ફેશન શૉ, ચિત્ર પ્રદર્શન, ડાન્સ કાર્યક્રમ (શાસ્ત્રીય નૃત્ય નહીં) વગેરેમાં જવું અને અલગ-અલગ કલાકારો સાથે તસવીરો પડાવવાનું હોય છે.

સમાજશાસ્ત્ર કહે છે કે આપણે બધા સામાજિક પ્રાણી છીએ. સમાજ વગર આપણને ચાલતું નથી. પરંતુ આ સમાજ નામનું પ્રાણી પાછું મધ્યમ અને ગરીબ વર્ગને જ લાગુ પડે છે! તે આ ધનિક અને સેલિબ્રિટી વર્ગને લાગુ નથી પડતું! તેમને સમાજનો જાણે કોઈ ડર જ નથી. ટીકાકારો કહે છે કે આ લોકો સામાજિક નથી. અસામાજિક છે. શું આ વાત સાચી છે?



હા અને ના. સેલિબ્રિટીઓ સમાજની જે વ્યાખ્યા છે અને આપણે જેમને સમાજ માનીએ છીએ તે સમાજની જે વ્યાખ્યા છે તે અનુસાર સામાજિક બિલકુલ નથી. આપણો દિવસ સવારે છ વાગે કે મોડામાં મોડી સાત વાગે શરૂ થઈ જાય અને રાત્રે ૧૧ વાગે પૂરો થઈ જાય. તેમનો દિવસ રાત્રે જ શરૂ થાય છે. દિવસે તેમની રાત પડે. આપણે કોઈના બેસણામાં જઈએ તો મેકઅપનો ઠઠારો કર્યા વગર જઈએ. ચશ્મા ન પહેરીએ. પરંતુ તેઓ તો મેકઅપ વગર ઘરની બહાર પણ નથી નીકળી શકતા. કદાચ, તેઓ કાચમાં પોતાનો ચહેરો સવાર સવારમાં મેકઅપ વગરનો જોઈને છળી મરતા હશે. આ હું જ છું? નૉ નેવર. તેમની દુનિયા કૃત્રિમતાની દુનિયા છે. હવે તો રાખી સાવંત અને શર્લિન ચોપરા જેવી આઈટમ ગર્લ સૉશ્યલ મીડિયામાં રીલમાં કહે છે કે તેઓ સ્તનના ઉભાર માટે સિલિકૉન પેડવાળી બ્રા પહેરે છે. સમાજની સ્ત્રીઓ જેને ઢાંકવા માગે તે આ સેલિબ્રિટીઓ દેખાડતી ફરે. સમાજના લોકો જાહેરમાં પુરુષ-સ્ત્રી વચ્ચે ગરિમા રાખે. પતિ-પત્ની પણ. પરંતુ સેલિબ્રિટીને એવું કંઈ નહીં. તેઓ પતિ-પત્ની કે બૉયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ ન હોય તોય એકબીજાને મળે તો ભેટે, ગાલ ઘસે, ચુંબનનો સંકેત કરે અથવા ચુંબન જ કરે. કમરે હાથ રાખી ફોટો પડાવે.

**આપણે બધા સામાજિક પ્રાણી છીએ. સમાજ વગર આપણને ચાલતું નથી. પરંતુ આ સમાજ નામનું પ્રાણી પાછું મધ્યમ અને ગરીબ વર્ગને જ લાગુ પડે છે! તે આ ધનિક અને સેલિબ્રિટી વર્ગને લાગુ નથી પડતું! તેમને સમાજનો જાણે કોઈ ડર જ નથી**

અનુસંધાન પાના 4 પર...